CITY TALKS | BOLLYWOOD | EVENTS FASHION MOVIES NEWS

THURSDAY,
23 August 2018

For more News Cli

# પોલીસ અને સમાજ એકબીજાની પ્રવૃતિઓ માટે સમાન રીતે જવાબદાર

ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી (જીએનએલયુ) અને નેશનલ સિક્યોરિટી એડવાઇઝરી બોર્ડ દ્વારા પોલીસ સ્ટ્રક્ચરિંગ જોઇન્ટ સેમિનારનું આયોજન કરાયું હતું. સેમિનારમાં ન્યુ પોલીસ મેનેજમેન્ટ, પબ્લિક પાર્ટનરશિપ ઇન પોલીસ એડમિનિસ્ટ્રેશન અને કોમ્યુનિટી પોલીસિંગ વિશે વાત કરવામાં આવી હતી. સેમિનારમાં જીએનએલયુના ડિરેક્ટર ડૉ. બિમલ પટેલે કહ્યું કે, પોલીસ અને સમાજ એકબીજાની પ્રવૃતિઓ માટે સમાન રીતે જવાબદાર છે. સેમિનારમાં બીજા સ્પીકર્સ પણ પોલીસ સ્ટ્રક્ચરિંગ વિશે વાત કરી હતી. સેમિનારમાં વિવિધ નામાંકિત યુનિવર્સિટીના સ્ટુડન્ટ્સ અને ડેલીગેટ્સ હાજર રહ્યાં હતા.

## પોલીસ સિસ્ટમમાં અપડેટેડ ટેકનોલોજી હોવી જરૂરી



આજના સમયમાં ચોરી અને ગુનાખોરી માટે ટેકનોલોજીનો બહોળો ઉપયોગ થાય છે. તેથી પોલીસ સિસ્ટમમાં નવી ટેકનોલોજી લાવવી જરૂરી છે. ઉપરાંત ટેકનોલોજી ઓપરેટ કરવા માટે યોગ્ય વ્યક્તિનું હોવું પણ જરૂરી છે. પોલીસ સિસ્ટમ સુધારણા માટેના નવા આઇડિયાની પણ ઉપયોગી છે. **એબી માથુર, આઇએએસ**

## એજ્યુકેશનલ ઇન્સ્ટિટ્યૂટ પોલીસના કામને સપોર્ટ કરી શકે છે



પોલીસને સમાજ દ્વારા અવારનવાર તેમની ખામીઓ માટે અવગણવામાં આવે છે. સામાજિક અસર બાળકોમાં પણ થાય છે અને તેમના માનસમાં પણ પોલીસ પ્રત્યે ખોટી ભાવના પ્રસ્થાપિત થાય છે. જેથી સામાજના લોકોમાં પોલીસની ઇમેજ સુધારવાનુ કામ એજ્યુકેશનલ ઇન્સ્ટિટ્યૂટે કરવું જોઇએ. **- ડૉ. બિમલ પટેલ, ડિરેક્ટર GNLU**



## ઇન્સ્ટિટ્યુશનનો ફાળો પણ સમાજ પ્રત્યે ઉપયોગી સાબિત થયો છે

એક જ સ્થળ પરથી વિવિધ વિષયનું જ્ઞાન મળે તેવું ખૂબ ઓછું જોવા મળે છે. જ્યારે ગાંધીનગરમાં એક સાથે જીએનએલયુ જેવી લૉ યુનિવર્સિટી, રક્ષાશક્તિ યુનિવર્સિટી જેવી પોલીસ એકેડમી અને ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી હોવી તે સ્ટુડન્ટસ માટે ખૂબ મહત્ત્વનું છે. દરેક ઇન્સ્ટિટ્યુશનનો ફાળો પણ સમાજ પ્રત્યે ઉપયોગી સાબિત થયો છે.

**- નરસિમ્હા કોમાર, આઇપીએસ**

Scanned by CamScanner